eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 258
February 04, 2011

## સુરત મહાનગરપાલિકા ધ્વારા હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત સમારોહ "સુરોત્સવ–૨૦૧૧" આયોજન અંતર્ગત તા. ૨૮.૦૧.૨૦૧૧ ના રોજ પદમશ્રી ઉસ્તાદ રાશિદખાનના કંઠય ગાયકીનો કાર્યક્રમ




શહેરની કલાપ્રેમી જનતાને ઘર આંગણે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓનો લાભ મળે તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૨માં પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની સુરત ખાતે ઉજવણી અંતર્ગત કલા–સંસ્કૃતિનાં જતન માટે વિવિધ કાર્યક્રમો જેવા કે ગીત ગુંજન, લોક ડાયરો, લોકનૃત્ય, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ વિગેરેનું આયોજન થઈ રહયું છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા ધ્વારા હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત સમારોહ "સુરોત્સવ–૨૦૧૧" આયોજન અંતર્ગત તા. ૨૯.૦૧.૨૦૧૧ ના રોજ પંડિતશ્રી બિરજુ મહારાજના કથક નૃત્યનો કાર્યક્રમ

શહેરની કલા પ્રેમી જનતાને ઘર આંગણે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓનો લાભ મળે તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૨માં પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની સુરત ખાતે ઉજવણી અંતર્ગત કલા–સંસ્કૃતિનાં જતન માટે વિવિધ કાર્યક્રમો જેવા કે ગીત ગુંજન, લોક ડાયરો, લોકનૃત્ય, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ વિગેરેનું આયોજન થઈ રહયું છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત સમારોહ "સુરોત્સવ–૨૦૧૧" આયોજન અંતર્ગત તા. ૩૦.૧.૨૦૧૧ ના રોજ પંડિતશ્રી હરિપ્રસાદ ચૌરસીયાની બાંસુરી અને ઉસ્તાદશ્રી ઝાકીર હુસેનનો તબલાવાદનનો કાર્યક્રમ



શહેરની કલા પ્રેમી જનતાને ઘર આંગણે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓનો લાભ મળે તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૨માં પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની સુરત ખાતે ઉજવણી અંતર્ગત કલા–સંસ્કૃતિનાં જતન માટે વિવિધ કાર્યક્રમો જેવા કે ગીત ગુંજન, લોક ડાયરો, લોકનૃત્ય, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ વિગેરેનું આયોજન થઈ રહયું છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા ધ્વારા ૩૦ મી જાન્યુઆરી ૨૦૧૧ને રવિવારના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા તરફથી ૩૦ મી જાન્યુઆરી ૨૦૧૧ને રવિવારના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૩૦.૦૧.૨૦૧૧ ના રોજ વસતિ ગણતરી – ૨૦૧૧ અન્વયે ચિત્ર સ્પર્ધાનું આયોજન



સમગ્ર ભારત દેશમાં વસતિ ગણતરી – ૨૦૧૧ની મહાન કવાયત તા.૯મી ફેબ્રુઆરી–૨૦૧૧ થી ૨૮ મી ફેબ્રુઆરી–૨૦૧૧ દરમ્યાન થનાર છે. વસતિ ગણતરીનું મહત્વ અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવવાના હેતુસર નિયામકશ્રી, વસતિ ગણતરી કચેરી, ગુજરાત રાજયની સૂચના અનુસાર સુરત મહાનગરપાલિકા તરફથી ગાંધીબાગ ખાતે તા.૩૦–૦૧–૨૦૧૧ ના રોજ સવારે ૯.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ ગ્રાન્ટેડ/ નોન ગ્રાન્ટેડ શાળાના ધોરણ ૩ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના મેયર શ્રી રાજેન્દ્રભાઈ એ.દેસાઈએ સ્વર્ણિમ ગુજરાતના વર્ષે ૬૨માં પ્રજાસત્તાક દિનની ઉજવણીનું આયોજન ખૂબ જ સફળતાથી પૂર્ણ કર્યુ તે બદલ સુરત શહેરની જનતા વતી આભાર માન્યો

સ્વર્ણિમ ગુજરાતના વર્ષે ૬૨માં પ્રજાસત્તાક દિનની ઉજવણીનું આયોજન ખૂબ જ સફળતાથી પૂર્ણ કર્યુ તે બદલ તમામ અધિકારીશ્રીઓનો આભાર માનું છું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત સમારોહ "સુરોત્સવ–૨૦૧૧" આયોજન અંતર્ગત તા. ૨૮.૦૧.૨૦૧૧ ના રોજ પદમશ્રી ઉસ્તાદ રાશિદખાનના કંઠય ગાયકીનો કાર્યક્રમ




શહેરની કલાપ્રેમી જનતાને ઘર આંગણે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓનો લાભ મળે તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૨માં પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની સુરત ખાતે ઉજવણી અંતર્ગત કલા–સંસ્કૃતિનાં જતન માટે વિવિધ કાર્યક્રમો જેવા કે ગીત ગુંજન, લોક ડાયરો, લોકનૃત્ય, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ વિગેરેનું આયોજન થઈ રહયું છે. શહેરની સાંસ્કૃતિક પ્રવૃતિને પ્રોત્સાહિત કરવાનાં પ્રયાસના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮ થી ૩૦ જાન્યુઆરી–૨૦૧૧ દરમ્યાન રાત્રે ૭.૩૦ કલાકથી હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત સમારોહ "સુરોત્સવ–૨૦૧૧"નું આયોજન જવાહરલાલ નહેરુ ઉદ્યાન(ચોપાટી), અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

તા.૨૮.૦૧.૨૦૧૧ના રોજ પદમશ્રી ઉસ્તાદ રાશિદખાનના કંઠય ગાયકીની કૃતિઓ રજુ થઈ હતી. કાર્યક્રમની શરૂઆતમાં સ્વર્ગસ્થ ભીમસેન જોષીને ઉપસ્થિત મહાનુભાવોએ પુષ્પાંજલિ અર્પણ કરી તેમના માનમાં ૨ મિનિટનું મૌન પાળ્યું હતું. ત્યારબાદ સ્વાગત પ્રવચનમાં મ્યુ.કમિશનરશ્રીએ ગત વર્ષના "સૂરોત્સવ ૨૦૧૦"ના કાર્યક્રમને મળેલ ઉત્સાહપૂર્વકના પ્રતિસાદથી પ્રેરાઈ, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે આ વર્ષે પણ આ કાર્યક્રમ યોજાઈ રહયા હોવાનું જણાવ્યું હતું. સુરતની કલારસિક જનતા, સંગીત ક્ષેત્રના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના કલાકારો તથા સુરત મહાનગરપાલિકાની ટીમના ઉમદા પ્રયત્નો જેવા ત્રિવેણી સંગમને કારણે આવા ભવ્ય કાર્યક્રમોનું આયોજન થઈ રહયા હોવાનું જણાવ્યું હતું. આ ઉત્સવમાં સહભાગી થવા બદલ ઉપસ્થિત સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. ત્યારબાદ સુરતના પ્રથમ નાગરિક માન.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ પ્રસંગોચિત્ત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ૬૨માં પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણીને વિકાસ પર્વ તરીકે ઉજવી શહેરના નાગરિકોએ જે રીતે ઉત્સાહથી સહભાગી થયા છે. તે બદલ સર્વેનો આભારમાની વિકાસની આ યાત્રાને ચાલુ રાખી ઉંચા શિખરો સર કરવા નગરજનોને સહકાર આપવા અપીલ કરી હતી.


આજના કાર્યક્રમમાં ઉસ્તાદ રાશિદખાને ત્રિતાલની બંદીશ, તબલાવાદકશ્રી શુભંકર બેનર્જીના સથવારે ઉત્કૃષ્ટ રીતે રજુ કરી હતી. જેમાં છોટા ખ્યાલમાં "બહોત દિન બીતે અજહુ ન આયે", ત્યારબાદ દેશ રાગમાં તરાનાની પ્રસ્તુતિ રજુ કરી હતી. ઉપરાંત રાગ ચંદ્રધ્વનિ, ભિન્નષડજ રાગ આધારિત લોકપ્રિય ઠુમરી "યાદ પિયા કી આયે"ની રજુઆત કરી ઉપસ્થિતોના મન મોહી લીધાં હતાં. તબલાવાદકશ્રી શુભંકર બેનર્જી, હાર્મોનિયમ શ્રી સુધીર યાર્ડી, શ્રી હેમંત ગાંધર્વ વિગેરેએ ઉસ્તાદ રાશિદખાનને સંગત આપી હતી.

આ કાર્યક્રમમાં મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, ઉસ્તાદશ્રી રાશીદખાન, જાણીતા શાસ્ત્રીય ગાયકશ્રી ઋષીકુમાર શાસ્ત્રી, સાંસદશ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, ડે.મેયર શ્રીમતિ છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, કલેકટરશ્રી એ.જે.શાહ, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ ગીતાબેન પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, જોઈન્ટ પોલીસ કમિશનરશ્રી ઈ.રાધા કૃષ્ણન, અન્ય પોલીસ અધિકારીશ્રીઓ, મ્યુ.અધિકારી/ કર્મચારીગણ, આમંત્રિતો, સંગીત સાથે સંકળાયેલ શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો તેમજ શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આયોજનને સફળ બનાવ્યું હતુ.



TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત સમારોહ "સુરોત્સવ–૨૦૧૧" આયોજન અંતર્ગત તા. ૨૯.૦૧.૨૦૧૧ ના રોજ પંડિતશ્રી બિરજુ મહારાજના કથક નૃત્યનો કાર્યક્રમ



શહેરની કલા પ્રેમી જનતાને ઘર આંગણે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓનો લાભ મળે તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૨માં પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની સુરત ખાતે ઉજવણી અંતર્ગત કલા–સંસ્કૃતિનાં જતન માટે વિવિધ કાર્યક્રમો જેવા કે ગીત ગુંજન, લોક ડાયરો, લોકનૃત્ય, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ વિગેરેનું આયોજન થઈ રહયું છે. શહેરની સાંસ્કૃતિક પ્રવૃતિને પ્રોત્સાહિત કરવાનાં પ્રયાસના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮ થી ૩૦ જાન્યુઆરી–૨૦૧૧ દરમ્યાન રાત્રે ૭.૩૦ કલાકથી હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત સમારોહ "સુરોત્સવ–૨૦૧૧"નું આયોજન જવાહરલાલ નહેરુ ઉધાન (ચોપાટી), અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

જેમાં તા.૨૯.૦૧.૨૦૧૧ને શનિવારના રોજ પંડિતશ્રી બિરજુ મહારાજના કથક નૃત્યનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં અમદાવાદ સ્થિત તલાવયા ગ્રૃપ દ્વારા તબલા સંગતની રજુઆતથી કરવામાં આવ્યુ હતું. જેમાં ઋષિ વકીલના નેજા હેઠળ તબલા વાદકો શ્રી કૌમિલ શાહ, શ્રી રાહુલ શ્રીમાળી, શ્રી સાહિલ પટેલ, શ્રી ઈલિયાસ ખાન વિગેરે વૃંદએ તબલાને એક અલાયદી રીતે રજુ કરવામાં આવ્યા હતા. આ વૃંદનું સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલે સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ પંડિતશ્રી બિરજુ મહારાજ મંચ ઉપર ઉપસ્થિત રહેતા તેઓનું સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, અને મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણાએ શાલ અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. ત્યાર બાદ સાથી કલાકારો શ્રી સાસોતી સેન તેમની પુત્રીશ્રી મમતાજી મહેરાજ અને પુત્રશ્રી દિપક મહારાજ તથા અન્ય સાથીઓએ કથક આધારીત વિવિધ કૃતિઓ દ્વારા હાજર કલા રસિક જનતાને મંત્રમુગ્ધ કર્યા હતા. પંડિતશ્રી બિરજુ મહારાજે કથક નૃત્ય ક્ષેત્રે આ પોતાની સાતમી પેઢી આરાધના કરી રહી છે. અને હવે પછી પણ આજ ક્ષેત્રે તેઓ પોતાને વારસામાં મળેલ આ સરસ્વતીનું જતન કરી જાળવી રાખશે તેમ જણાવ્યું હતું. કથક નૃત્ય પૌરાણિક મંદિરો માંથી શરૂ કરી તેની યાત્રા દરમ્યાન રાજાઓના ઘરાના સુધી આ કેવી રીતે પહોંચી તેની વિકાસ યાત્રાનો પણ શ્રી બિરજુ મહારાજે ચિતાર આપ્યો હતો. અને આ વિકાસ યાત્રાને કથક નૃત્યના સ્વરૂપમાં તેમણે રજુ કરી હતી.

આ કાર્યક્રમમાં મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, મા.મંત્રશ્રી દિલિપભાઈ સઘાણી, પંડિત શ્રી બિરજુ મહારાજ, કથકના જાણકાર શ્રી નીના રાવળ, સાંસદશ્રી સી.આર.પાટીલ, શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, ડે. મેયર શ્રીમતિ છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી કુ. એસ. અપર્ણા, કલેકટરશ્રી એ. જે. શાહ, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકરસિંગ, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ ગીતાબેન પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, મ્યુ.અધિકારી/ કર્મચારીગણ, આમંત્રિતો, સંગીત સાથે સંકળાયેલ શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો તેમજ શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આયોજનને સફળ બનાવ્યું હતુ.



TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત સમારોહ "સુરોત્સવ–૨૦૧૧" આયોજન અંતર્ગત તા. ૩૦.૧.૨૦૧૧ ના રોજ પંડિતશ્રી હરિપ્રસાદ ચૌરસીયાની બાંસુરી અને ઉસ્તાદશ્રી ઝાકીર હુસેનનો તબલાવાદનનો કાર્યક્રમ



શહેરની કલા પ્રેમી જનતાને ઘર આંગણે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓનો લાભ મળે તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૨માં પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની સુરત ખાતે ઉજવણી અંતર્ગત કલા–સંસ્કૃતિનાં જતન માટે વિવિધ કાર્યક્રમો જેવા કે ગીત ગુંજન, લોક ડાયરો, લોકનૃત્ય, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ વિગેરેનું આયોજન થઈ રહયું છે. શહેરની સાંસ્કૃતિક પ્રવૃતિને પ્રોત્સાહિત કરવાનાં પ્રયાસના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮ થી ૩૦ જાન્યુઆરી–૨૦૧૧ દરમ્યાન રાત્રે ૭.૩૦ કલાકથી હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત સમારોહ "સૂરોત્સવ–૨૦૧૧" નું આયોજન જવાહરલાલ નહેરુ ઉધાન (ચોપાટી), અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ.

જેમાં તા. ૩૦.૧.૨૦૧૧ ને રવિવારના રોજ પંડિતશ્રી હરિપ્રસાદ ચૌરસીયાની બાંસુરી અને ઉસ્તાદશ્રી ઝાકીર હુસેનનો તબલાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પંડિતજીની શિષ્યા દેવપ્રિયા ચેટર્જીએ બાંસુરીના સૂર રેલાવી શ્રોતાજનોને મંત્રમુગ્ધ કર્યા હતાં. કાર્યક્રમની શરૂઆતમાં મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાએ અત્રે પધારેલ કલાકારો અને ઉપસ્થિત મહાનુભવો, આમંત્રિતો, સંગીતરસિકોને આવકારી જણાવ્યું હતુ કે ગત વર્ષે યોજાયેલ સૂરોત્સવ કાર્યક્રમની સફળતાથી પ્રેરાઈ ચાલુ વર્ષે પણ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કલાકારોને સુરતના આંગણે લાવવાનું અહોભાગ્ય પ્રાપ્ય થયું છે. સ્વાગત પ્રવચન બાદ મંચ ઉપર ઉપસ્થિત પંડિતશ્રી હરિપ્રસાદ ચૌરસીયા, ઉસ્તાદશ્રી ઝાકીર હુસેન તથા સિતારવાદક મંજુબેન મહેતાનું મા.સાંસદશ્રી સી.આર.પાટીલ, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા.ડે.મેયરશ્રી છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, કુ.એસ.અપર્ણા અને શ્રી સુનીલ મોદીએ શાલ અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. પંડિતશ્રી હરિપ્રસાદ ચૌરસીયાએ યમન રાગથી શરૂઆત કરી બાંસુરીના સૂરો રેલાવ્યા. અલગ અલગ બાંસુરીના સૂરો અને તબલા થકી જોગરાગ રજૂ કર્યો હતો. રાગ કલ્યાણી, પહાડીધૂન અને છેલ્લે ખમાજ રાગ પર આધારિત ગાંધીજીનું પ્રિય "વૈષ્ણવ જન તો તેને રે કહીએ"રજુ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યક્રમમાં પધારેલ આમંત્રિતો માટે પાર્કીંગ, વી.આઈ.પી., સંગીતજ્ઞો, વગેરે માટે પૂરતી સંખ્યામાં બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. અભૂતપૂર્વ ધસારાને ધ્યાને લઈ ચોપાટી ગાર્ડનમાં ૫ જેટલાં એલસીડી સ્ક્રીન, ત્રણ જગ્યાએ સ્ક્રીન સાથે વધારાની ખુરશીઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં શહેરના અંદાજીત ૧૫,૦૦૦ જેટલા સંગીત રસિકોએ બાંસુરીના સૂર, તબલાના તાલ અને સીતારના તારની ઝણઝણાટીનો લ્હાવો માણ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા મ્યુ.કમિશ્નરશ્રીના આદેશાનુસાર ડે.કમિશ્નરશ્રી(સ્પે.)ના માર્ગદર્શન હેઠળ અઠવા ઝોન અને સાંસ્કૃતિક વિભાગ ઉપરાંત મહાનગરપાલિકાના અન્ય વિભાગો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, સાંસદશ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, ડે.મેયર શ્રીમતિ છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, કલેકટરશ્રી એ.જે.શાહ, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકરસિંગ, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ ગીતાબેન પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, મ્યુ.અધિકારી/ કર્મચારીગણ, આમંત્રિતો, સંગીત સાથે સંકળાયેલ શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો તેમજ શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આયોજનને સફળ બનાવ્યું હતુ.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ૩૦ મી જાન્યુઆરી ૨૦૧૧ને રવિવારના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ




સુરત મહાનગરપાલિકા તરફથી ૩૦ મી જાન્યુઆરી ૨૦૧૧ને રવિવારના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, સાંસદશ્રી સી.આર.પાટીલ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મ્યુ.કમિશ્નરશ્રી કુ. એસ. અપર્ણા, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકરસિંગ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ તથા ગાંધીપ્રેમીઓએ ઉપસ્થિત રહી ગાંધી પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ અર્પી હતી. નગર પ્રાથમિક સ્કૂલના બાળકો હાજર રહયા હતા. તેમજ સત્ય સાંઈ સેવા સમિતિએ ભજનોની સુંદર રજુઆત કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૩૦.૦૧.૨૦૧૧ ના રોજ વસતિ ગણતરી – ૨૦૧૧ અન્વયે ચિત્ર સ્પર્ધાનું આયોજન

સમગ્ર ભારત દેશમાં વસતિ ગણતરી – ૨૦૧૧ની મહાન કવાયત તા.૯મી ફેબ્રુઆરી–૨૦૧૧ થી ૨૮ મી ફેબ્રુઆરી–૨૦૧૧ દરમ્યાન થનાર છે. વસતિ ગણતરીનું મહત્વ અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવવાના હેતુસર નિયામકશ્રી, વસતિ ગણતરી કચેરી, ગુજરાત રાજયની સૂચના અનુસાર સુરત મહાનગરપાલિકા તરફથી ગાંધીબાગ ખાતે તા.૩૦–૦૧–૨૦૧૧ ના રોજ સવારે ૯.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ ગ્રાન્ટેડ/ નોન ગ્રાન્ટેડ શાળાના ધોરણ ૩ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ધોરણ ૩ થી ૬ ના ૪૦૦ અને ધોરણ ૭ થી ૧૨ ના ૨૬૦ મળી કુલ : ૬૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં વિદ્યાર્થીઓ તરફથી કામ કરતી વિકલાંગ વ્યકિત, માટલાનું ઘડતર, સફાઈ કામ કરનાર પુરુષ/ સ્ત્રી, માછલી પકડતો પુરુષ, સીલાઈકામ કરતી સ્ત્રી, કડિયાકામ કરતો મિસ્ત્રી, ઘરડા ઘરમાં રહેતી વ્યકિતની પવૃત્તિ, ખેતી કામ કરતા પુરુષ/ સ્ત્રી, દૂધ દોહતી સ્ત્રી, ફુગ્ગા વેચતો પુરુષ, રાષ્ટ્રીય નેતા તેમજ કુદરતી દ્રષ્યો વિગેરે જેવી વિવિધ પ્રકારની કૃતિઓ ચિત્ર દ્વારા રજુ કરેલ છે.





સદરહુ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોસ્તાહિત કરવા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કુ. એસ.અપર્ણા, ડે. કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટ, ઝોન ઈનચાર્જશ્રી એમ. ડી. દારૂવાલા, કાર્યપાલક ઈજનેરશ્રી જતીન દેસાઈ તથા નિયામકશ્રી, વસતિ ગણતરી કચેરી તરફથી નિયુકત કરવામાં આવેલ નોડલ ઓફિસર શ્રી રાજીવે હાજર રહી ચિત્ર સ્પર્ધાનું નિરીક્ષણ કરેલ.

સદરહુ સ્પર્ધા માટે વિદ્યાર્થીઓને સ્પર્ધા અંગેની આવશ્યક સામગ્રી જેવી ડ્રોઈંગ પેપર, પેન્સિલ, રબર, પેડ, કલર, સંચો વિગેરે સામગ્રી સુરત મહાનગરપાલિકા દ્વારા પૂરી પાડવામાં આવી હતી. તેમજ સ્પર્ધાનું આયોજન સ્પે. ઓફિસર, ઈલેકશન એન્ડ સેન્સસ શ્રી ડી.એન.શાહ તથા સાંસ્કૃતિક વિભાગના મેનેજર શ્રી એસ. આર. ખાને તેમના વિભાગના અધિકારી/ કર્મચારીઓ દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવી કાર્યક્રમને સફળ બનાવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકાના મેયર શ્રી રાજેન્દ્રભાઈ એ.દેસાઈએ સ્વર્ણિમ ગુજરાતના વર્ષે ૬૨માં પ્રજાસત્તાક દિનની ઉજવણીનું આયોજન ખૂબ જ સફળતાથી પૂર્ણ કર્યુ તે બદલ સુરત શહેરની જનતા વતી આભાર માન્યો

સ્વર્ણિમ ગુજરાતના વર્ષે ૬૨માં પ્રજાસત્તાક દિનની ઉજવણીનું આયોજન ખૂબ જ સફળતાથી પૂર્ણ કર્યુ તે બદલ તમામ અધિકારીશ્રીઓનો આભાર માનું છું.

સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૧ પ્રજાસત્તાક પર્વની ઉજવણી ગુજરાત સરકાર ધ્વારા સૌ પ્રથમ વખત સુરત શહેરને આંગણે આયોજન કરવા બદલ ગુજરાત સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો સુરત શહેરની જનતા વતી મેયર તરીકે આભાર પ્રગટ કરું છું.

સુરત શહેરમાં છેલ્લા એક મહિનાથી પ્રજાસત્તાક પર્વની ઉજવણીના આયોજનરૂપે કાર્યક્રમો,નવા પ્રોજેકટોના ખાતમુહૂર્તો, નવા પ્રોજેકટોની લોકાર્પણવિધિ, સાંસ્કૃતિક કાર્યક્રમો, રાજ સે સ્વરાજ ફિલ્મોત્સવ, વાંચે ગુજરાત, ૧૦૦ કલાક સમયદાન અને રૂા.૪૫૦ કરોડથી વધુ રકમના પ્રોજેકટો પ્રજાને અર્પણ કરવામાં મહાનગરપાલિકાના કમિશ્નર મેડમ અર્પણા અને તમામ અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ તેમજ કોર્પોરેટર મિત્રોએ પણ ભારે જહેમત ઉઠાવી શુભનિષ્ઠાથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડયો તે બદલ મહાનગરપાલિકાના તમામ પદાધિકારીશ્રીઓ, મ્યુ.કમિશ્નરશ્રી અર્પણા મેડમ અને અધિકારીશ્રીઓનો આભાર માનું છું.

વધુમાં ગુજરાત સરકાર અને મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરના વિકાસમાં રૂા.૧૦૧ કરોડ તાત્કાલિક ફાળવી આપ્યા તે બદલ પણ સુરત શહેરની જનતા વતી હું તેમનો આભાર માનું છું.

TOP